| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Divya Bhaskar** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **06/07/2022** |
| **PAGE :** | **2** |

**ભાસ્કર ખાસ** | સિંગલ યુઝ પ્લાસ્ટિકના વિકલ્પને પોલ્યુશન બોર્ડની મંજૂરી, ટૂંક સમયમાં માર્કેટમાં લોન્ચ થઈ શકે છે

# સ્ટાર્ટઅપે શેરડી, મકાઇ, શક્કરિયાંમાંથી પ્લાસ્ટિક જેવી બોટલ, બેગ બનાવી, જમીનમાં દટાયા પછી 180 દિવસમાં નાશ પામે છે

અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

ઈ.ડી.આઈ.આઈના ઈન્ક્યુબેશન સેન્ટરના સ્ટાર્ટઅપે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વિકલ્પ આપ્યો છે. નિખીલ કુમારના ફુટુર ડોટ કોમ નામના સ્ટાર્ટઅપે શેરડી, મકાઈ અને શક્કરિયાંમાંથી તદ્દન પ્લાસ્ટિક જેવી દેખાતી બોટલ, થેલી વગેરે તૈયાર કરી છે. આ પ્રોડક્ટને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા માન્યતા અપાઈ ચૂકી છે. ટૂંક સમયમાં તમામ પ્રોડક્ટને માર્કેટમાં લોન્ચ કરાશે. હાલમાં અમદાવાદની એક હોટલમાં અને સાઉથ ઈન્ડિયાની ડેરી ચેઈનમાં આ પ્રોડક્ટનો ઉપયોગ થઈ રહ્યો છે. રસપ્રદ વાત એ છે કે, ઈડીઆઈઆઈમાં આવેલા રેલવે, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજીના મંત્રી અશ્વિની વૈષ્ણવે આ વસ્તુઓનો રેલવેમાં યુઝ કરવાની ભલામણ કરી હતી.

પોતાના સ્ટાર્ટઅપ વિશે માહિતી આપતા નિખિલકુમારે જણાવ્યું કે, આ સ્ટાર્ટઅપ મેં મારા પિતા સાથે શરૂ કર્યું છે. અમારી પ્રોડક્ટ સંપૂર્ણ સુરક્ષિત અને ઈકોફ્રેન્ડલી છે. હાલમાં અમારી બોટલ અને કોથળીઓ અમદાવાની હોટલ ઉપરાંત ગિફ્ટ સિટીની કેન્ટિનમાં પણ વપરાય છે. અમારી પ્રોડક્ટમાં શેરડી, મકાઇ અને શક્કરિયાંનો ઉપયોગ થાય છે. અમે રો-મટીરિયલ સાઉથ આફ્રિકાથી મગાવીએ છીએ. અમે તૈયાર કરેલી કોથળી-બોટલને ડિકમ્પોઝ થતાં 180 દિવસ લાગશે. પ્લાસ્ટિકની સરખામણીએ અમારી પ્રોડક્ટનું વજન ઓછું હોવાથી જથ્થો વધારે થશે. અમે 30 માઈક્રોન સુધીની વસ્તુઓ તૈયાર કરીએ છીએ. આ પ્રોડક્ટ જો પ્રાણીઓ ખાય તો પણ તેમને નુકસાન થશે નહીં.



શેરડી, મકાઈ અને શક્કરિયામાંથી સ્ટાર્ટઅપે પ્લાસ્ટિક જેવી દેખાતી બોટલ બનાવી.

## અમદાવાદ-બિલિમોરા વચ્ચે 2027થી બુલેટ ટ્રેન

રેલવે, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજીના મંત્રી અશ્વિનિ વૈષ્ણવે ઇ.ડી.આઇ.આઇના કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, 2026 સુધીમાં સુરત-બિલિમોરા વચ્ચે બુલેટ ટ્રેન શરૂ થશે, જ્યારે અમદાવાદથી બિલિમોરા વચ્ચે 2027થી બુલેટ ટ્રેન દોડશે. મહારાષ્ટ્રમાં આવનારા ટૂંક સમયમાં જમીન સંપાદનની કામગીરી શરૂ થશે. આવનારા સમયમાં અમદાવાદ સહિત સુરત, વડોદરા, નવસારી, રાજકોટ, વાપી, ભરૂચ, આણંદ, નડિયાદ, અંકલેશ્વર, ઉધના, ગાંધીધામ, પાલનપુર, જામનગર, ન્યુ ભુજના રેલ્વે સ્ટેશનનોને રિ- ડેવલપ કરાશે.

## દિવ્યાંગને સન્માનિત કરવા મંત્રી જાતે ગયા

ઈડીઆઈના કાર્યક્રમમાં એક દિવ્યાંગને સન્માનિત કરવાના હતા. પરંતુ ઓડિટોરિયમમાં તે સૌથી પાછળ બેઠા હતા. તેમના નામની જાહેરાત બાદ તે સ્ટેજ સુધી આવી શકે તેમ ન હોવાથી મંત્રી અશ્વિની વૈષ્ણવ જાતે તેમની પાસે પહોંચ્યા હતા અને સન્માનિત કર્યા હતા.